Received on : 15-06-2026
Registered on : 15-06-2026
Decided on : 20-06-2026
Duration : Y M D
- - 05

# જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં. ૪૮૦/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** સરફરાઝ ઉર્ફે શેકુ અબુભાઈ કુરેશી,
ઉ.વ.આ.૩૯,ધંધો-મજુરી,
રહે. અશોકબાગ નર્સરીની સામે,
જમાલવાડી ખાડીયા વિસ્તાર,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ.એકટની કલમ ૮ (સી), ૨૦(બી)(II)(બી), ૨૯ મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૩૮/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એ.એમ.મકરાણી.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર.

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૩૮/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૦(બી)(II)(બી), ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી ડી.કે.સરવૈયા, પોલીસ સબ ઈન્સ્પેકટર, સાયબર પોલીસ સ્ટેશન, જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એમ.મકરાણીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧ ૨૦૩૦૨૪૨૬૦૩૩૮/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૦(બી)(II)(બી), ૨૯ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલી છે. આ કામે કુલ માદક પદાર્થ ગાંજાનો જથ્થો જોવામાં આવે તો, ૫.૯૦૦ કિગ્રા રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે કુલ ૨ આરોપીઓ રહેલ છે. જેમાં આરોપી નં.૧ શીવમ રમેશ બિન્દ કે જેઓના કબજામાંથી મુદદામાલ ગાંજો મળી આવેલ હતો. જયારે હાલના કામના અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદદામાલ મળી આવેલ

નથી. હાલની જામીન અરજી ચાર્જશીટ પહેલાની છે. વધુમાં રજુઆત કરેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ મી.એપ્લીકેશન (ફોર રેગ્યુલર બેલ બીફોર ચાર્જશીટ) નં.૧૩૦૪૩/૨૦૨૬ ના કામે આરોપી જેની પાસેથી મુદદામાલ મળી આવેલ છે તે આરોપી શીવમ રમેશ બિન્દને જામીન ઉપર મુકત કરેલ છે. જયારે હાલના કામે અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. જેથી આ કામે અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એન.કે.પુરોહીત નાઓએ જામીન અરજી લગત વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીને અન્ય આરોપી શીવમ રમેશ બિન્દનાઓ મુદદામાલ ગાંજો વેચવા માટે આવતા હતા તે વખતે પકડાઈ ગયેલ છે. હાલના કામના અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ અન્ય ગુનો નોંધાયેલ છે જેથી જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી ડી.કે.સરવૈયા, પોલીસ સબ ઈન્સ્પેકટર, સાયબર પોલીસ સ્ટેશન, જૂનાગઢનાઓનું આંક-૦૬ નું સોગંદનામું તથા રજુ રેકર્ડ ધ્યાને લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામે આરોપી શીવમ રમેશ બિન્દ ગાંજો (મારીજુઆના હસીસ) નો જથ્થો લઈને જુનાગઢ ખાતે હાલના અરજદાર/આરોપીને વેચાણ કરવા અર્થે આવતા રેઈડ દરમ્યાન આરોપી શીવમ રમેશ બિન્દ વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો (મેરીજુઆના હસીસ) વજન ૫.૯૦૦ કિ.ગ્રા., કિં.રૂા.૨,૯૫,૦૦૦/- વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો ખાલી કરેલ સેલોટેપ વિંટેલ પ્લાસ્ટીકની કોથળીઓ નંગ-૬, વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૧, રોકડા રૂા.૮૦, ગ્રીન

કલરનો થેલો તથા ચાદર એમ કુલ ૩,૦૫,૫૮૦/- ના મુદદામાલ સાથે પકડાઈ જઈ તથા હાલના અરજદાર/આરોપી હાજર નહી મળી આવી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

ત્યારબાદ તપાસના કામે હાલના કામના અરજદાર/આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ છે અને હાલ જયુડી.કસ્ટડીમાં રહેલ છે.

(૬) હાલના કામેનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી શીવમમ રમેશ બિન્દનાઓ પાસેથી રેડ દરમ્યાન વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો વજન ૫.૯૦૦ ગ્રામ મળી આવેલ હતો. સદરહુ આરોપીને નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ મી.એપ્લીકેશન (ફોર રેગ્યુલર બેલ બીફોર ચાર્જશીટ) નં.૧૩૦૪૩/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે લગત નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હુકમ કરી સદરહુ આરોપીને જામીન ઉપર મુકત કરેલ છે. આમ, હાલના કામે જે આરોપી પાસેથી મુદદામાલ ગાંજો મળી આવેલ છે તે આરોપીને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. જયારે હાલના કામના અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. જેથી હાલના કામના અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, અગાઉ જામીન ઉપર મુકત થયેલ આરોપી કરતા ઉતરતી કક્ષાનો રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation (2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. જેથી ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામેના અરજદાર/આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મં જુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

– હાલના અરજદાર/આરોપી સરફરાઝ ઉર્ફે શેકુ અબુભાઈ કુરેશી, રહે. અશોકબાગ નર્સરીની સામે, જમાલવાડી ખાડીયા વિસ્તાર, જુનાગઢવાળાની જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૩૮/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૦(બી)(II)(બી), ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી 'મંજુર' કરવામાં આવે છે.

– અરજદાર/આરોપીને જૂનાગઢ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૩૮/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૦(બી)(II)(બી), ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ–લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

પ. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

૬. **<u>અરજદાર /આરોપીએ હુકમની તારીખથી  છ માસ સુધી દર મહીનાની તા.૧ થી ૦૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧ .૦૦ દરમ્યાન હાજરી પુરાવવી</u>**.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ**,**
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)